

# સત્સંગ બાળવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## સત્સંગથી સંપ જળવાય છે

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ધન્ય ધન્ય મળ્યો મનુષ્યનો અવતાર... આપણા ઉપર ભગવાનની કૃપા છે. તેથી જ તો મનુષ્યનો અવતાર મળ્યો છે ! મનુષ્ય સિવાયની અન્ય જીવ સૃષ્ટિમાં પણ બધું જ છે. આહાર-નિદ્રા-ભય વગેરે પણ તેમાં મનુષ્ય જેવી બુદ્ધિ નથી, તેથી પશુ ગણાય છે. મનુષ્યમાં પણ બુદ્ધિ વગરના વ્યક્તિને પશુની ઉપમા અપાય છે. માટે મનુષ્ય દેહ મળ્યો છે તો ધર્મના નામે ઝગડાઓનો ત્યાગ કરી ભજન-ભક્તિ કરીને જિંદગીને ધન્ય બનાવીએ. એ સમજવા માટે વાંચીએ અને વિચારીએ આ વાતને......

પ્રકૃતિના ખોળામાં - ચારે બાજુ પર્વતો, ઝરણાં અને નદી વહેતી હતી એવા એક ગામમાં ઘણી જ જ્ઞાતિ જાતિના મનુષ્યો રહેતાં હતાં. મનુષ્ય વસે ત્યાં બધું જ હોય. બજાર, મંદિર, હરવા ફરવાના સ્થળ, હવેલી, ઘર અને ઝૂંપડી વગેરે... આવા ગામમાં ખૂબ જ સાધન સંપન્ન આઠ-દશ વ્યક્તિનું સુખી કુટુંબ રહેતું હતું. ખૂબજ સંસ્કારી અને આબરૂદાર ઘર હતું. ઘરના વડીલ રાધેશ્યામજી હતા અને તેમના ઘરવાળા મંગળાબા હતા. જ્યેષ્ઠ પુત્ર જ્યેષ્ઠજીત અને પુત્રવધુ કુમુદ હતા. બાકી બધા નાના હતાં. અને અભ્યાસ કરતાં હતાં.

શેઠ રાધેશ્યામજીની પેઢી હતી. અને ગામ અને પરગામ તેમનો માલ જતો - વેચાતો અને તેઓ પણ ગામ-પરગામથી વેચાતો માલ લાવી ગામમાં વેચતા. આબરૂદાર અને સંપન્ન કુટુંબ સુખ શાંતિથી જીવતું હતું. ગામ હોય એટલે બધા જ સંસ્કારી અને આબરૂદાર હોય જ એવું તો હોતું નથી. ઘણા ઈર્ષાળુ અને કજીયાખોર પણ હોય... શેઠ રાધેશ્યામજી ધાર્મિક વૃત્તિ અને ઉદારવૃત્તિના હતા તેથી ગરીબ વર્ગને સહાય કરતા. જરૂરિયાતવાળાઓને આર્થિક સહાય પણ કરતા તેથી તેમની વાહવાહ થતી.

ગામના બીજા વેપારીઓને તેમની વાહવાહ ખમાતી નહી તેથી રાધેશ્યામજીના ઘરની શાંતિ હણાય અને વિખવાદ થાય તેવા ઉપાયો વિચારતા હતા. વિચારતાં વિચારતાં ગામમાં જ રહેતી એક સ્ત્રી - તે કાવા-દાવા, લડાવવા-ઝઘડાવવામાં નિપૂણ હતી. આગેવાન વેપારીએ તેને ધન આપવાની લાલચ આપી અને સાસુ-વહુ, પતિ-પત્નિ ઝઘડે તેવું કરવા કહ્યું. માયાવી પૈસાની લાલચે તેમ કરવા તૈયાર થઈ.

એક દિવસ રાધેશ્યામજીના ઘરની આજુબાજુ આંટો મારી બધી જ માહિતી અને ઘરના સભ્યોની પ્રવૃતિ જાણી લીધી. તેણે જોઈ લીધું કે શેઠનો પુત્ર જ્યેષ્ઠજીત શિવજીનો ઉપાસક છે અને તેની પત્ની કુમુદ શ્રીકૃષ્ણની ઉપાસક છે. લડાવી મારવામાં વાંધો નહી આવે. તેથી માયાવી શ્રીકૃષ્ણનાં મંદિરમાં અવાર-નવાર જઈ કુમુદની બહેનપણી બની ગઈ. અને ધીમે ધીમે કાનમાં ઝેર રેડવાં માંડ્યું. તુ કૃષ્ણભક્ત છે અને તારો પતિ જેને ઘર નથી - સ્મશાનમાં રહે છે - ભભૂત ચોળે છે એવા દેવને પૂજે છે. તમારે કેમ ચાલે છે ? ખબર જ નથી પડતી ! હું તો આમ ન ચલાવી લઉં. મારી સાથે જ મારા જ મંદિરમાં લાવીને રહું. દરરોજ ઝેર રેડવાથી કુમુદને અસર થઈ અને તેણીએ જ્યેષ્ઠજીત સાથે ધાર્મિક વાદ-વિવાદ તથા શિવજી વિષે અવ્યવહારૂ શબ્દપ્રયોગ કરતી રહી અને કોઈ દિવસ ગુસ્સે ન થનારો જ્યેષ્ઠજીત પત્ની સાથે ઝઘડી પડ્યો અને માયાવીએ પાથરેલી જાળ સફળ થઈ.

આમ અવાર-નવાર જ્યેષ્ઠજીત અને તેની પત્ની વચ્ચે ઝઘડા થવા લાગ્યા. એક દિવસ ઝઘડો પરાકાષ્ઠાએ ચાલતો હતો - તે ગામમાં છેલ્લાં થોડા દિવસોથી એક શાંતિનાથ નામે વિતરાગી મહાત્મા આવેલા. ગામના રામજી મંદિરમાં ઉતારો કરેલો. સવાર-સાંજ ટહેલ નાંખી આવે. સાંજે રામજી મંદિરે દર્શને આવનાર દર્શનાર્થીઓને કથા-વાર્તાના બે શબ્દો કહે. ગામવાળા જે કાંઈ ચરણે મૂકે તેનાથી ચલાવી લેતા. એવા આ શાંતિનાથજીનું બરાબર રાધેશ્યામજીના ઘર આગળથી

નીકળવું અને જ્યેષ્ઠજીત અને તેની પત્ની વચ્ચેના ઝઘડાએ જોર પકડેલું. તેથી ઘર બહાર અવાજ સંભળાતો હતો. શાંતિનાથજી થોડીક વાર માટે થોભી ગયા અને તેમના શબ્દો સાંભળવા લાગ્યા. પહેલા પુરુષનો અવાજ સંભળાયો. બેસ બેસ હવે, બહુ થયું. તારા આ રોજના ઝઘડાથી હું હવે ત્રાસી ગયો છું. અને મેં નિર્ણય કરી લીધો છે. આ ઘર છોડીને કાશીમાં જઈને રહીશ. કાશી વિશ્વનાથની સેવા-ભક્તિ કરી શિવજીનો સાક્ષાત્કાર કરીશ. મારા ગયા પછી તને ખબર પડશે - કેમ જીવાય છે ? દુઃખી દુઃખી થઈ જઈશ.

ત્યાં સ્ત્રી બોલી - અહીંયા હું પણ ક્યાં ઘરમાં રહેવાની છું. મેં પણ નિર્ણય કરી લીધો છે હું પણ વૃન્દાવન જતી રહીશ. રાધા અને મીરાની જેમ ભક્તિ કરી શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર કરીશ. મારા ગયા પછી તમને પણ ખબર પડશે કે સ્ત્રી વગરની જીંદગી અને ઘર કેવું હોય છે. તમને સ્મશાન જેવું ન લાગે તો કહેજો. મારૂ નામ બદલી નાંખીશ.

મહાત્માજીએ આ સાંભળ્યું. તેમણે વિચાર્યું ઉપરથી ઝઘડે છે પણ અંદર આતમરામ જીવતા છે. ઝઘડે છે પણ વિચારો સાત્વિક અને ઉચ્ચ છે. જો હું થોડીક દરમિયાનગીરી કરું તો ઓછી મહેનતે અગ્નિ હોલવાઈ જાય તેમ છે. તેથી મહાત્માએ ટહેલ કરી બન્નેને દરવાજા પાસે બોલાવ્યા અને બંનેની વાત પોતે સાંભળી છે તેમ જણાવી બંનેના હિતની વાત કરવા માંડી.

સારૂં છે તમે બન્ને સંસ્કારી છો તેથી કાશી-વૃન્દાવનનું વિચાર્યું. તમારામાં રહેલી આ ધર્મભાવના સાંભળીને જ મને તમને બે શબ્દો કહેવાનું મન થયું. તમે બંને કાશી-વૃન્દાવનમાં જઈને જ જો શાંતિ મેળવવા ઈચ્છવાના હો.... તો પછી ઝઘડવાનું બંધ કરીને સંપ-સદ્‌ભાવથી જીવશો તો તમારા જ ઘરમાં કાશી-વૃન્દાવન છે. જો તમારામાં સંપ-સદ્‌ભાવ નહીં હોય અને તમે ત્યાં જશો તો તમારે ત્યાં પણ ઝઘડા થશે અને શાંતિના બદલે અશાંતિ થશે. ભગવાન એક છે. ભેદભાવ ભૂલીને ભક્તિ કરો.

આ વાત અને ઉપદેશની અસર બન્નેને થઈ. મતમતાંતરને બાજુએ ખસેડી - એકબીજાને પગે લાગી બન્નેએ એકબીજાની માફી માગી અને ઝઘડો કરાવનાર માયાવીના સંગનો ત્યાગ કરી મહાત્માના કહેવા પ્રમાણે સંપ-સદ્‌ભાવ રાખી આનંદથી જીવવા લાગ્યા.

મિત્રો ! બહુ સુંદર મજાની પ્રેરણાદાયી આ વાત છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે ‘‘નારાયણ અને શિવજીનું એકાત્મપણું જાણવું.’’ - ‘‘પોતાના ઈષ્ટદેવમાં દૃઢ શ્રધ્ધા રાખવી છતાં આદર સહુનો, આશરો એકનો.’’ ક્યારેય પણ દેવ-દેવી-દેવતાની નિંદા કરવી નહિ અને ઘરમાં સંપ, સદ્‌ભાવ રાખી હળી મળીને ભગવાનની ભક્તિ કરીએ તો આપણા ઘરમાં પ્રભુનો નિવાસ રહે. ધર્મ તો એવું રસાયણ છે કે ભલભલાની અંદરનીને બહારની આગ ઓલવી દે અને જો કુસંપ કલેશ કરાવવા ધર્મનો ઉપયોગ કરે તો તેને ધર્મ વિમુખ કહેવાય.

●

### બધાને રાજા થવું છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

કોઈ તપસ્વી તપ કરતો હતો. ઉંધે માથે તપ કરવું એ તો સહેલું પણ જમીન ઉપર સોપારી રાખે, તે સોપારી ઉપર માથું રાખીને શિર્ષાસન કરીને કઠોર તપ કરવા લાગ્યો. પછી તો આખા પ્રાંતમાં તેની આબરૂ ફેલાઈ ગઈ. શું તપસ્વી છે ! હજારો માણસો પગે લાગવા જાય. એ દેશના બધા પ્રશ્નો ઉકલી જાય તે માટે તપસ્વીઓના આશીર્વાદ બહુ કામ આપે છે. એટલે રાજા તે તપસ્વીને ત્યાં જઈને પગે લાગ્યો. સોપારી ઉપર ઉંધે માથે તપ કરતા તે તપસ્વીને જોઈને રાજાના મનમાં અરેરાટી થઈ ગઈ. વિનંતી કરી, આવી તીવ્ર તપશ્ચર્યા કરવાની તમને શી જરૂર છે ? તપસ્વીએ કહ્યું, હું તપ એટલા માટે કરું છું. ભગવાન રાજી થાય તો મને કોઈક દેશનો રાજા બનાવી દે તો બહુ સારું. ત્યારે રાજા બોલ્યા. હું રાજા છું. છતાં મુંઝાઉં છું. દુઃખી છું. ઉપાધિઓનો પાર નથી. અને આ તપસ્વી આવી ઉપાધિઓ લેવા માટે તપ કરે છે. જીવના કોઈ સંકલ્પો પૂર્ણ થતા નથી. તે કાયમ અધૂરા જ રહે છે. જ્યારે પરમાત્માના સર્વ સંકલ્પો પૂર્ણ હોય છે. શ્રુતિ પણ કહે છે કે, ‘‘સત્યકામઃ સત્યસંલ્પઃ’’ જીવાત્માને તો ગમે એટલી તકો મળે છતાં પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય એ ક્યારે પણ ભરાય નહીં. એમ જીવના સંકલ્પો ક્યારેય પૂરા થતા નથી. જીવનો સ્વભાવ છે પોતાની ઈચ્છાની પૂર્તિ માટે સતત પ્રયત્નો કરે છે. કાંઈને કાંઈ લેવા માટે જ મહેનત કરે છે. પાઠ, વ્રત, દાન, તપ જે કાંઈ કરશે એ ભગવાનની પ્રસન્નતા માટે નહીં પણ કાંઈક મેળવવા માટે જ કરશે. કારણ કે જીવ સદા અપૂર્ણ છે. પરમાત્મા સદા પૂર્ણકામ છે. તેમની કૃપાથી તેમના ભક્તો પણ પૂર્ણકામ બને છે. માટે શ્રીહરિનું પૂર્ણકામ એવું મંગલકારી નામ છે.